વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીક્ટ જલાલપોર સબ-ડીસ્ટ્રીક્ટનાં મોજે ગામ: **બોરસીનાં બ્લોક નં. ૧૧૬ જેનો જુનો બ્લોક નં. ૧૦૪** થી નોંધાયેલ જમીન, જેનું ક્ષેત્રફળ સુમારે **૩૯૯૫૮ ચો.મી.** જેનો આકાર રૂા. ૧૧.૨૦ પૈસા વાળી ખેતીની જમીન તથા તેમાં આવેલ ઝાડ, બીડ, રોડ-રસ્તા હિસ્સા સહિતની જમીન **(૧) અમૃતભાઈ કેશવભાઈ ઉર્ફે કેશાભાઈ પટેલ, (૨) રણછોડભાઈ મંગાભાઈ પટેલ, (૩) રાજુભાઈ મગનભાઈ પટેલ, (૪) ઉર્મિલાબેન અમરીતલાલ પટેલ, (૫) વિનય અમરીતલાલ પટેલ, (૬) ભાવનિતા અમરીતલાલ પટેલ, (૭) માયા અમરીતલાલ પટેલ, (૮) રૂપલબેન તે દેવેન્દ્ર નાયકની પુત્રી અને તુષાર પંડ્યાની પત્ની, (૯) વિનયભાઈ સુંદરભાઈ પટેલ, (૧૦) કિર્તીભાઈ સુંદરભાઈ પટેલ, (૧૧) નેન્સી નેહલ ગાંધીનાઓની** માલીકીની ચાલી આવેલ છે. **જેઓ પૈકી રૂપલબેન તે દેવેન્દ્ર નાયકની પુત્રી અને તુષાર પંડયાની પત્નીનાઓ પોતાનો વણવહેચાયેલ હિસ્સાની જમીન જેનુ ક્ષેત્રફળ ૪૯૯૫.૦૩ ચો.મી.** વણવહેચાયેલ હક્ક, હિત, હિસ્સા વાળી જમીન વેચાણ કરવા અંગેનુ જણાવી સદરહુ જમીનમા રહેલ પોતાની માલીકી, કબજા-ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની જમીન હમારા અસીલ મેહુલ કિરીટભાઈ લાખાણીને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં **રૂપલબેન તે દેવેન્દ્ર નાયકની પુત્રી અને તુષાર પંડયાની પત્નીના વણવહેચાયેલ હક્ક, હિત, હિસ્સા વાળી જમીન અંગે** કોઈ પણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હક્ક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહીત દિન-૭ માં હમારા નીચે જણાવેલા સરનામે લેખીતમાં જાણ કરવી અને રૂબરૂ મળી જવું. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહું જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને ''વેઈવ'' કર્યો છે તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ તેમજ અન્ય પાકા લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામએ સ્પષ્ટ નોંધ લેવી.

ઓફીસ : બી-૬૧૧, સ્વસ્તિક યુનિવર્સલ, વેલેન્ટાઈન થિયેટર પાસે, સુરત ડુમસ રોડ, સુરત. મો.નં. ૯૭૧૨૫ ૪૯૭૧૯.

મારી મારફત
જીમીત એચ. શાહ
તે ખરીદનારનાં એડવોકેટ

જાહેરાત

સરકારશ્રી દ્વારા "સુરક્ષા સેતુ સોસાયટી" એસ.પી.સી.યોજના અંતર્ગત SPC ના બાળકો માટે તા. ૨૪/૦૪/૨૦૨૫ થી તા. ૩૦/૦૪/૨૦૨૫ સુધી ગૂરૂકુલ આશ્રમ સુપા તા. જિ.નવસારી ખાતે સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. સદર સમર કેમ્પમાં પોલીસ અધિકારી/ કર્મચારી /શિક્ષકો તથા વિદ્યાર્થીઓના ચા-નાસ્તા/બપોર તથા સાંજના ભોજનના ભાવ (વ્યકિતદીઠ) રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. જે ટેન્ડર પોલીસ અધિક્ષકશ્રીની કચેરી નવસારી ખાતે તા. ૨૧/૦૪/૨૦૨૫ સુધીમાં નિયત ટેન્ડર ફી પેટે રૂ.૧૫૦૦ નો રાષ્ટ્રીયકૃત બેંકનો પોલીસ અધિક્ષકશ્રી નવસારીના નામનો ડીડી બનાવી જમા કરાવી અત્રેથી ટેન્ડર ફોર્મ મેળવી લેવાનું રહેશે. ટેન્ડર તા. ૨૨/૦૪/૨૦૨૫ ના કલાક ૧૨:૦૦ કલાકે કમિટી સમક્ષ ખોલવામાં આવશે. જેમાં ટેન્ડર ભરનારે હાજર રહેવાનું રહેશે.

સ્થળ-નવસારી (સુશિલ અગ્રવાલ)
તારીખ-૧૬/૦૪/૨૦૨૫ પોલીસ અધિક્ષક
માહિતી/નવસારી/૩૭/૨૦૨૫ નવસારી

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ઇ- ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૫૫/૨૫-૨૬	મિડેનીડલ શાખા	૦૧	૫,૩૧,૦૦,૦૦૦/-
૨	૫૬/૨૫-૨૬	ટ્રાફિક શાખા	૦૧	૧,૧૦,૦૦,૦૦૦/-
૩	૫૯/૨૫-૨૬	સયાજીબાગ ઝુ	૦૨	૧,૧૩,૫૭,૦૦૦/-
૪	૬૧/૨૫-૨૬	ઇલે.મિડે.સુવેજ	૦૫	૫,૦૪,૮૭,૭૮૭/-
૫	૬૩/૨૫-૨૬	રોડ પ્રોજેક્ટ	૦૧	૫૦,૦૦,૦૦૦/-
૬	૬૪/૨૫-૨૬	બ્રિજ પ્રોજેક્ટ	૦૧	૨,૦૦,૦૦,૦૦૦/-
૭	૬૫/૨૫-૨૬	સયાજીબાગ ઝુ	૦૨	૬,૬૯,૭૯,૯૬૧/-

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૬૭/૨૦૨૫-૨૬ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

સચીન નોટિફાઇડ એરીયા ઓથોરીટી
જાહેર નિવિદા નં. ૦૧/૨૦૨૫-૨૬

નોટિફાઇડ એરીયા ચીફ ઓફીસાર 'ઉન્નતી બિલ્ડિંગ', પ્લોટ નંબર ૫૭૧૯, રોડ નંબર ૬, જી.આઇ.ડી.સી.- સચીન ફોન નંબર (૦૨૬૧) ૨૩૯૯૮૨૫ (E-Mail ID:-naosachin1@gmail.com) તરફથી જી.આઇ.ડી.સી., ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ વિભાગ, ગુજરાત હાઉસીંગ બોર્ડ અને જાહેર આરોગ્ય ખાતાની યોગ્ય શ્રેણીમાં નોધાયેલ યાદીના કોન્ટ્રેક્ટરો પાસેથી જુદા જુદા ૨ કામ માટે (પાણી પુરવઠા ના નેટવર્ક ને અપગ્રેડેશનની કામગીરી બે ઝોનમાં કરાવવાના કામ માટે) ઓન-લાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૬૭૩.૬૪ લાખ થી ૮૨૪.૫૬ લાખ સુધી છે.

સદર કામના ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ અને ઓનલાઇન સબમીશનની છેલ્લી તા.૧૭.૦૪.૨૦૨૫ થી તા.૩૦.૦૪.૨૦૨૫ ના રોજ ૧૭.૦૦ કલાક સુધી રહેશ અને ટેન્ડર સંભવતા તા.૦૩.૦૫.૨૦૨૫ ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

ઓનલાઇન ટેન્ડર માટે ટેન્ડર ભરવાની કાર્ય પધ્ધતિ, સબંધિત વિગતો જેવી કે, ટેન્ડર ફી, EMD વગેરેની માહિતી વિગતવાર ટેન્ડર નોટિસમાં આપવામાં આવેલ છે. જે રસ ધરાવતાં ઇજારદારોએ વાંચણે લેવા વિનંતી છે. જે એક ટેન્ડર એગ્રીમેન્ટનો ભાગ છે.

આ કામની નિવિદા ઓફિસના નોટિસ બોર્ડ ઉપર તેમજ વેબ સાઇટ www.nprocure.com (eProc-suite) પર જોવા મળશે. વધુ માહિતી તેમજ સ્થળ નિરીક્ષણ માટે ચીફ ઓફિસર, નોટિફાઇડ એરીયા ઓથોરીટી, જી.આઇ.ડી.સી.-સચીનની કચેરીએ ઓફિસ સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી. ઇજારદારશ્રીએ ચાલુ વર્ષનું રાષ્ટ્રીયકૃત બેન્કનું સોલવંસી સિર્ટીફીકેટ અને ટેન્ડરમાં માંગ્યા મુજબના દસ્તાવેજો તેમજ ટેન્ડર ફીનો ડ્રાફ્ટ ટેન્ડર ભરતી વખતે અવશ્ય સ્કેન કરી ઓનલાઇન સબમીશન કરવાના રહેશ. ટેન્ડર ફી અને બાનાની રકમનો મૂળ દસ્તાવેજ તેમજ ઓનલાઇન સબમીટ કરવામાં આવેલ દસ્તાવેજ તા.૦૧.૦૫.૨૦૨૫ થી તા.૦૨.૦૫.૨૦૨૫ ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, સચીન નોટિફાઇડ એરીયા જી.આઇ.ડી.સી.- સચીનના ઉપરના સરનામે અને કવર પર કામનું નામ અને ટેન્ડર ID જણાવી રજી.પો.એડી./સ્પીડ પોસ્ટ/હાથોહાથ રૂબરૂ અવશ્ય મોકલી આપવું.

નિવિદામાં જણાવેલ ટેન્ડર કોઈ પણ કારણ આપ્યા વિના સ્વીકારવું કે રદ કરવું તેનો અબાધિત અધિકાર સચીન નોટિફાઇડ એરીયા ઓથોરીટીને રહેશે. જે તમોને બંધનકર્તા રહેશે. બાના મુક્તિ પ્રમાણપત્ર ગ્રાહ્ય/ સ્વિકાર્ય નથી.

ટેન્ડરને લગતા તમામ સુધારા/વધારા www.nprocure.com (eProc-suite) વેબ-સાઇટ પર ભરવાની છેલ્લી તારીખ સુધી જોવા વિનતી છે.

તા.૧૬.૦૪.૨૦૨૫ ચીફ ઓફિસર,
કમાંક: માહિતી-સુરત/૭૧/૨૦૨૫ સચીન નોટિફાઇડ એરીયા, આઇ.ડી.સી.-સચીન.

(ભારત સરકાર, નાણા મંત્રાલય)

ઋણ વસૂલી અધિકરણ-II

ચોથો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ નજીક, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬

ફોર્મ નં. ૨૨(અગાઉ ૬૨) [ડિસ્ક્રીટી રેગ્યુલેશન ૨૦૨૪ નું રેગ્યુલેશન ૩૫ અને ૩૬) (આવકવેરા કાયદો, ૧૯૬૧ ના નિયમના બીજા પરિશિષ્ટનો નિયમ ૫૨(૧)(૨)] ઋણ વસૂલી અને બેંક અને નાણાકીય સંસ્થાના એકટ ૧૯૯૩ સાથે વંચાણે લઈ

ઈ-હરાજી / વેચાણ નોટીસ
રજી. નં. એડી/ડાસદી/એફિક્સેશન/ બીટ ઓફ ફ્રમ / પબ્લીકેશન

આર.પી / આર.સી નં.	૨૨૭/૨૦૧૭	ઓ.એ. નં.	૨૨૫/૨૦૧૬
પ્રમાણપત્ર ધારક બેંક		પંજાબ નેશનલ બેંક	
વિરૂધ્ધ			
પ્રમાણીત દેવાદાર		મેસર્સ જે.કે.આર્ટ	

પ્રતિ,
પ્રમાણીત દેવાદાર નં. ૧ : **મેસર્સ જે.કે. આર્ટ, એક માલિકીની પેઢી, તેના માલિક શ્રી જીતેન્દ્ર ઘનશ્યામભાઈ કીકાણી,** પ્લોટ નં. ૨૮, સરદાર ઈન્ડસ્ટ્રીયલ, નવાગામ, કામરેજ, સુરત.
પ્રમાણીત : પ્લોટ નં. ૮૬, પ્રભુ દર્શન કોમ્પ. હાઉસિંગ સોસાયટી, પુણાગામ, સુરત.
પ્રમાણીત : ૩, ક્રિષ્ના પાર્ક-૨, સીમાડા ગામ, સુરત.

અહીં દર્શાવેલ પ્રમાણિત દેવાદાર નં. ૧ નાઓ **રૂા.૧૧,૦૯,૫૭૧.૫૩ (અંકે રૂપિયા અગીયાર લાખ નવ હજાર પાંચસો ઈકોત્તેર અને ત્રેપન પૈસા પુરા)** તા.૧૭/૦૩/૨૦૧૬ ના રોજના વ્યાજ સહિત ચુકવવામાં અસફળ થયા હોય, હુકમ અનુસાર ઓ.એ.નં.૨૨૫/૨૦૧૬ (ઓછી વસુલાત, જો કોઈ હોય તો) થી પસાર થયેલ મારા તા.૦૩/૦૪/૨૦૨૫ ના હુકમ મુજબ નીચે દર્શાવેલ મિલકતો ઉપરોકત મેટર માટે ઈ-હરાજીથી વેચવામાં આવશે. હરાજીનું વેચાણ ઓનલાઈન, ઈ-હરાજી https://baanknet.com ઉપર થી થશે.

લોટ નં.	મિલકતની વિગત	અનામત કિંમત (રાઉન્ડેડ ઓફ)	ઈએમડી ૧૦% (રાઉન્ડેડ ઓફ)
૧	રે.સ.નં. ૬૮ પૈકી બ્લોક નં. ૧૦૨/એ ૨, પ્લોટ નં. ૦૩, ક્રિષ્ના પાર્ક સોસાયટી વિભાગ-૨, કુબેર હાઉસની બાજુમાં, સીમાડા ગામ રોડ, ગામ : સીમાડા, સબ ડીસ્ટ્રીકટ. સીટી (ચોર્યાસી), જી. સુરત- ૩૯૫૦૦૬. એરીયા- ૫૮.૫૨ ચો.મીટર એટલે કે ૭૦.૦૦ ચો. વાર (મૂલ્યાંકન અહેવાલ મુજબ) (સીડીનો વણવહેચાયેલ ૫૦% હિસ્સો શ્રી જીતેન્દ્રભાઈ ઘનશ્યામભાઈ કીકાણી તેમના પત્ની શ્રીમતી ગીતાબેન જીતેન્દ્રભાઈ કીકાણી સાથે)	રૂા. ૪૨.૩૦ લાખ	રૂા. ૪.૨૩ લાખ

નોંધ : ઈએમડી ઈ-ઓક્શન વેબસાઈટ દ્વારા બેંકનેટ વોલેટ એટલે કે https://baanknet.com માં જમા કરવાનો રહેશે. સીથી વધુ બિડ કરનારે તેની અંતિમ બિડની રકમના ૨૫% બેંકનેટ વોલેટમાં પહેલાથી ચૂકવેલ ઈએમડીના એડજેસ્ટમેન્ટ પછી તરત જ આગામી બેંકના કામકાજના દિવસે માં આરટીજીએસ/એનઈએફટી દ્વારા જમા કરાવવાની રહેશે.

Beneficiary Bank Name :	Punjab National Bank
Beneficiary Name :	Sundry/NPA.SARFAESI/Auction related
Beneficiary Account No. :	8 3 2 3 0 0 3 1 7 1 1 8 A
IFSC Code :	PUNB0043900
Branch	Circle SASTRA Centre

(૧) બોલી વધારાની રકમ દરેક સીંગલ લોટ માટે રૂા.૫૦,૦૦૦/- (૨) ઈચ્છુક બીડરો ઓનલાઈન ટ્રેનીંગ માટે સર્વિસ પ્રોવાઈડર PSB Alliance (BAANKNET Auction Portal) (Tel Helpline No. +91 8291220220 અને શ્રી કશ્યપ પટેલ (Mobile No.9327493060), Helpline E-mail ID : support.BAANKNET@psballiance.com અને મિલકત સંબંધિત કોઈ જાણકારી માટે શ્રી સ્વપ્નિલ શર્મા, (મોબાઈલ નં. : 7387087200) (૩) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે તેમની બીડ રજુ કરતા પહેલા વેચાણ અંગેના નિયામો અને શરતો અને પ્રક્રિયા વિગતે જાણવા માટે website: https://baanknet.com જુઓ. (૪) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે હરાજીની કાર્યવાહી શરૂ થતાની સાથે અને કાર્યવાહી પૂર્વ થવા પહેલા ૨૫% રકમ (ઈએમડી બાદ કરતાં) જમા કરાવવાની રહેશે અને ૭૫% રકમ ની ચુકવણી ૧૫ દિવસમાં કરવાની રહેશે. જો ૧૫ દિવસ રવિવાર અથવા કોઈ અન્ય રજાનો દિવસ હોય તો ત્યાર પછીના બેંકના કામકાજના દિવસે ચુકવવાના રહેશે. સમય વધારી આપવા માટેને કોઈપણ રજૂઆત માન્ય રહેશે નહી. (૫) આ હરાજીમાં મુકેલ મિલકતો 'જ્યાં છે ત્યાં છે', 'જે છે તે છે' અને 'જેમ છે તેમ' ના ધોરણે કરવામાં આવશે. (૬) હરાજીની વિગતો નીચે મુજબ છે.

હરાજીની વિગતો

૧	મિલકતનો નિરીક્ષણ	૧૩.૦૫.૨૦૨૫, સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૨.૦૦ વાગ્યા સુધી
૨	ઈએમડી સાથે બીડ સ્વીકારવાની અને પેમેન્ટ ના પ્રકારના પુરાવા સાથે ડોક્યુમેન્ટ્સ અપલોડીંગ કરવાની છેલ્લી તારીખ	૨૮.૦૫.૨૦૨૫ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી
૩	ઈ-હરાજી	૨૯.૦૫.૨૦૨૫ બપોરે ૧૨.૦૦ થી ૦૧.૦૦ દરમ્યાન (નિયમ મુજબના ઓટોમેટીક ૦૩ મિનીટના વધારા સાથે ઈ-હરાજીની પૂર્ણતા સુધી)

(અનુભા દુબે)
રીકવરી ઓફિસર-I, ડેબ્ટસ રિકવરી ટ્રીબ્યુનલ-II, અમદાવાદ

જાહેર ચેતવણી

ફોટોમાં દર્શાવેલ વ્યકિત **(૧) ચૌહાણ શશીકાંત દિનેશભાઈ (૨) ચૌહાણ હર્ષના તે શશીકાંતભાઈ ની પત્ની** કે જેઓ અમારા અસીલશ્રીના પુત્ર તથા પુત્રવદુ થાય છે. તેઓ અમારા અસીલશ્રી કહેવામાં નથી અને અવર નવર સમજાવવા છતા અમારા અસીલશ્રીનું અમારા અસીલશ્રીના પરીવારનું માનતા નથી અને પોતાનું ધારેલુ કરતા ચાલી આવેલા હોય જેથી અમારા અસિલશ્રી તેઓની પોતાની સ્થાવર તથા જંગમ મીલકતમાંથી મારા પુત્ર તથા પુત્રવધુ નાઓને બેદખલ કરેલ છે. અને તેઓ સાથેના તમામ સંબંધ તોડી નાખેલ છે. જેથી અમારા અસીલશ્રીના નામે તેઓ સાથે કોઈપણ વ્યકિતીએ કોઈપણ જાતને વ્યવહાર, લેણદેણ, કે ધંધો કરવો નહી અને જો કરશે તો તેની તમામ જવાબદારી તેમની એકલાની રહેશે, જેની નકકી નોંધ લેશે.

સહી :

ઓફીસ : ૩૭-એ, પહેલો માળ,વર્ધમાન પાર્ક, સતાધાર ચોકડી પાસે, મહાવીરધામની સામે, કોસાડ રોડ અમરોલી, સુરત. મો. ૯૯૦૪૦ ૧૦૬૪૩, ૮૪૦૧૦ ૧૦૨૧૭

પ્રજ્ઞેશ બી. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)

જાહેર નોટીસ - ચેતવણી

મોજે અટોદરા તા. ઓલપાડ જી.સુરતની બ્લોક નં. ૨૨૪ વાળી જુની શરતની જમીન જેનુ પોત ખરાબા સાથેનું કુલ ક્ષેત્રફળ ૩૩૦૮૪ ચો.મી. છે. તે સદરહું જમીન અમારા અસીલ (૧) ફહદ અબ્દુલરહીમ શેખ, (૨) મોહંમદસમીર ગુલામમોહંમદ શેખ તથા (૩) શેખ જીયાઉદ્દીન બદરુદ્દીન વિગેરે.. નાઓની સંયુક્ત માલીકીની ચાલી આવેલ હતી અને છે. સદરહું જમીનના કુલ્લે ચાર હિસ્સા પૈકી ૬મારા અસીલોના હિસ્સામા ૩ ભાગ ચાલી આવેલ છે અને સ્થળ ઉપર સદરહું જમીન ની વહેંચણી થયેલ નથી. અમારા અસીલના ધ્યાને આવેલ છે કે રેવન્યુ રેકર્ડ ઉપર ચાલતા સહમાલીક પૈકી એક ઈસમે તેનો વણવહેંચાયેલ હીસ્સો કોઈ ત્રાહીત ઈસમને સોદા ચીઠ્ઠીથી વેચાણ આપેલ છે તેવો કોઈ પણ પ્રકારનો લખાણ અમારા અસીલોને બંધનકર્તા ન હતો કે નથી માટે જાહેર જનતાને ચેતવણી આપવામા આવે છે કે સદરહું જમીન બાબતે કોઈએ કોઈપણ પ્રકારનો આર્થીક કે બીન આર્થીક વ્યવહાર કરવો કરાવવો નહી નહીતર તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે તે ચોકકસ જાણશો સોદો કરનારને કાયદેસરની કાર્યવાહી સીવાય કઈ હાથ લાગશે નહી.

ઓફીસ : ૨૦૪, મયુરનગર કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત કચેરીની બાજુમાં, કામરેજ ચારરસ્તા, કામરેજ, સુરત મો. ૮૨૦૦૭૨૯૪૩૭, ૯૮૨૪૭૦૧૯૧૬

નઈમ એચ. શેખ
એડવોકેટ

:: બીનખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ, ઉધના સબ-ડીસ્ટ્રીકટ ના **મોજે ગામ : ગભેણી** ના **રે.સર્વે નં.૩૪૯, બ્લોક નં.૪૦૦**, સીટી સરવે રેકર્ડ મુજબ સિટી સરવે ઓફીસ : સુરત -૪, ના વોર્ડ : ગભેણી (બીનખેતી) નાં સિટી સરવે નંબર **NA400**, શીટ નંબર **NA૯૯** કે જેનું ક્ષેત્રફળ **૧૨૨૯૧.૦૦ ચો.મી.** વાળી જુની શરતની બીનખેતીની જમીનમાં રેવન્યુ રેકર્ડ માલીકો **(૧) મુકેશચંદ્ર અમૃતલાલ,** રહે.૧૬, કરૂણા સાગર સોસાયટી અમીધરા એપાર્ટમેન્ટ, સીટી લાઈટ, એસવીઆર કોલેજ, સુરત - ૩૯૫૦૦૭ (ગુજરાત), **(૨) મનહરલાલ ચીમનલાલ** , રહે. ૧૧૧, સર્જન સોસાયટી, પાર્લે પોઈન્ટ,આભવા, એસવીઆર કોલેજ, સુરત - ૩૯૫૦૦૭ (ગુજરાત), **(૩) જીતેન્દ્ર અમૃતલાલ,** રહે. ૪૭/બી, સર્જન સોસાયટી, પાર્લે પોઈન્ટ,એસવીઆર કોલેજ, સુરત - ૩૯૫૦૦૭ (ગુજરાત) તથા **(૪) દેવેન્દ્ર અરવિંદલાલ ગરૂડા** , રહે. નેહરૂ નગર બંગલો -૧૦, ઉમરા - ૪, એસવીઆર કોલેજ ,સુરત - ૩૯૫૦૦૭ (ગુજરાત) માલીક/કબજેદાર તરીકે ચાલી આવેલા હોવાનું જણાવી તથા તેઓને સદરહુ બીનખેતીની જમીન અંગે હરકોઈ રીતનો વહીવટ અને વ્યવસ્થા કરવાનો અધિકાર હોવાનું જણાવી તથા ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ બીનખેતીની જમીન બાબતમાં કોઈપણ સરકારી, ખાનગી યા સહકારી બેક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો, કબજામાં, હિત-સંબંધ, સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી ખત, ગીરોખત, કોઈના રસ્તા વપરાશના ઈજમેન્ટના હકકો, અધિકાર હોય તો દિન- ૭ ની મુદતમાં દસ્તાવેજી પુરાવા સહીત લેખિત જાણ કરવી. નહિતર મુદત વિત્યે કોઈનો હકકો, હિત નથી એમ માની અથવા તો તેવા તમામ હકો તેઓએ જતા કર્યા યાને વેવ કર્યા હોવાનું માની હમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં પુર્ણ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની તર તકરાર, દર-દાવા કે વાંધા વચકાને અવકાશ રહેશે નહી. જેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

(ઓ) પ્લોટ નં. ૧૦૧, સોમનાથ નગર સોસાયટી, વિશ્વકર્મા વાડીની બાજુમાં, ભટાર, સુરત-૩૯૫૦૧૭. મો. ૯૮૯૮૪૭૨૪૮૯.

રાજેન્દ્ર બી. પવાર
તે ખરીદનારના એડવોકેટ

ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબડીસ્ટ્રીકટના **મોજે ગામ કરંજ**ના **બ્લોક નં. ૨૩૧/બ**, જેનું કુલ ક્ષેત્રફળ હે. ૦-૨૯-૦૮.૭૫ આરે ચો.મી. જેના આકાર રૂા. ૧.૫૨ પૈસાવાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **શાંતાબેન નવનીતભાઈ તથા ધર્મેશકુમાર નવનીતભાઈ તથા અમીષાબેન નવનીતભાઈ**ના સંયુકત નામે ચાલી આવેલ છે તથા **બ્લોક નં. ૨૩૧/ક**, જેનું કુલ ક્ષેત્રફળ હે. ૦-૨૯-૦૮.૭૫ આરે ચો.મી. જેના આકાર રૂા.૧.૫૧ પૈસાવાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **વિરેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા અશ્વિનભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા જયોતિબેન ઈશ્વરભાઈ પટેલ**ના સંયુકત નામે ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહું જમીનો મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહું જમીનોમાં કોઈપણ વ્યકિત કે સંસ્થા/બેંકના કોઈપણ જાતના લાગભાગ, હકક, હીત સંબંધ, દર-દાવાદુવીના પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોષાકીના હકક, અધિકાર હોય તો તેવી બેંક, વ્યકિત કે સંસ્થાઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવાઓ સહિત અમો નીચે સહી કરનારને રૂબરૂ મળવું. જો તમે કરવા કસુર યા ચુક થશે તો સદરહું જમીનોમાં કોઇના કોઇપણ પ્રકારનાં લાગભાગ, હકક, અધિકાર યા ખોરાકી પોષાકીના હકક અધિકાર નથી યા હોય તો વેઇવ યાને જતા કરેલ છે. તેમ માની લઈ અમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજ યા દસ્તાવેજો રજીસ્ટર્ડ કરી/કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં, જેની સ્પષ્ટ નોંધ લેશોજી.

ઓફિસ : એ/૧, જય જલારામ કોમ્પલેક્ષ, પહેલા માળે, જલારામ મંદિરની બાજુમાં, મેઈન રોડ ઓલપાડ, મુ.પો.તા. ઓલપાડ, જી. સુરત. મો.નં.: ૮૩૪૭૨ ૨૬૩૩૭ (તા. ૧૭/૦૪/૨૦૨૫)

ધ્રુવ આર. પટેલ
એડવોકેટ

-:: અસલ શેર સર્ટીફિકેટ ગુમ થયા અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતાં-વળગતાં તમામને જણાવવાનું કે, **સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડિસ્ટ્રીકટ, સુરત સીટી શહેર સુરતનાં ખટોદરા વિસ્તારનાં રે.સ.નં. ૦૦૧૫ પૈકીથી નોંધાયેલી જમીન કે જે ''શ્રી જાગનાથ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ'' ના નામથી ઓળખાય છે તેમાં પાડવામાં આવેલા રહેણાંકના પ્લોટો પૈકી પ્લોટ નં. ૬૮ થી નોંધાયેલી આખી મિલકત સીટી સર્વે દફતરે વોર્ડ : ખટોદરા, નોંધ નં. ૧૩૧૩ છે જેનું સીટી દફતરે ક્ષેત્રફળ પર.૩૬ ચો.મી. છે તેના પ્રમુખશ્રી/સેકેટરી તરફથી આપવામાં આવેલ અસલ શેર સર્ટીફિકેટ ગુમ થયેલ છે યાને ગેરવલ્લે થયેલ છે યા ખોવાઈ ગયેલ છે અને તે ખૂબ જ શોધવા છતાં મળી આવતાં નથી અને આજદિન સુધી મળી આવેલ પણ નથી.** પ્રસ્તાવિત શેર સર્ટીફિકેટ સામે કોઈને કોઈપણ જાતનો વાંધો-વિરોધ કે તર-તકરાર હોય તો તે પોતાનો દર દાવો યા વાંધો-વિરોધ કે તર-તકરાર આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન- ૭ (સાત)**માં લેખિતમાં વિગતવાર આધાર પુરાવા સહિત મને પહોંચાડવો, મુદ્દત વિત્યે કોઈનો કોઈપણ જાતનો વાંધો-વિરોધ યા તર-તકરાર નથી અને હોય તો તે સંબંધિત હકક, હિત, હિસ્સો જતો કરેલ છે યાને વેવ કરેલ યા જતો કરેલ હોય તેમ શુદ્ધિબુદ્ધિપૂર્વક માની અમારા અસીલ સદરહું મિલકત શેર સર્ટીફિકેટ બાબત સોસાયટીને માહિતગાર કરશે સહી ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં તેની લાગતા-વળગતાં સર્વેએ ગંભીર નોંધ લેવી તેની આથી જાહેર જનતાએ નોંધ લેવી. **તા. ૧૭/૦૪/૨૦૨૫**

સહી/- મનોજભાઈ ગણેશભાઈ રાણા

દિવ્યેશકુમાર ડી. રાણા એડવોકેટ

ઓફિસ : બી/૨૦, ભોંયતળિયું, શિવ શકિતનગર સોસાયટી, તારા વિદ્યામંદિર હાઈસ્કુલની સામે, મેઈનરોડ, ભાઠેના, આંજણા, સુરત- ૩૯૪૨૧૦.

ટાઈટલ બાબતની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ મજુરા સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ વેસુના રે.સર્વે નં.૩૭૬ રી.સર્વે નં.૪૧૭ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ ૧૩૮૦૦-૦૦ ચો.મી. છે તે જમીન કે જેને ટી.પી.સ્કીમ નં.૨ (વેસુ) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં.૯૪ અને ૧૨૧ ફાળવવામાં આવેલ છે જે પૈકી ફાયનલ પ્લોટ નં.૧૨૧ વાળી બીનખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ ૯૩૫૩-૦૦ ચો.મી. છે. તે જમીનમાં બાંધવામાં આવેલ **''રોલેક